અર્હં નમઃ

# પ્રસ્તાવના

ભગવાન કોના ઘરે પધારશે ? ભગવાનના આવવાથી કોનું ઘર તીર્થ બનશે ? એ દર્શાવતું આ એક નાનું ગીત છે... પ્રભુ વિનાનું ઘર તો ઘર જ નથી, શ્મશાન છે... પ્રભુવાળું ઘર પણ ઘર નથી જ એ તો મંદિર છે, તીર્થ છે...

આજે ઘર ઘરમાં નજર કરીએ તો એમ જ દેખાય છે કે બીજું બધું છે, ફર્નિચર છે, મોટું રસોડું છે, માસ્ટર બેડરૂમ છે, હોમ થિયેટર છે, ત્રણ–ચાર કાર છે, નોકરો છે... બધું જ છે, પણ ભગવાન નથી, પરમેશ્વર નથી... અને માટે જ એ ઘર જંગલ જેવું ભાસે છે. ત્યાં રહેનારાઓ (મિ.દુ.) પશુ જેવા પણ ભાસે છે, દયા આવે છે...

ઘરે ઘરે ભગવાનનો વાસ થાય, એ માટે આ નાનકડું ગીત છે.

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ગુરુદેવશ્રી
પંન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજય મ.નો શિષ્ય
ગુણહંસ વિજય
તા. ૧૩/૦૭/૨૦૨૨
અષાઢસુદ પુનમ, વહેલી સવારે
વિશાખાપટ્ટનમ્

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | ભક્તિ.... .... .... .... .... .... .... .... .... | 01 |
| ૦૨ | જ્ઞાન.... .... .... .... .... .... .... .... .... | 03 |
| ૦૩ | પ્રેમ... .... .... .... .... .... .... .... .... | 05 |
| ૦૪ | સંતોનું સન્માન .... .... .... .... .... .... .... | 10 |
| ૦૫ | સંપ.... .... .... .... .... .... .... .... | 13 |
| ૦૬ | પરસ્પર દોષારોપણનો ત્યાગ .... .... .... .... .... | 16 |
| ૦૭ | નાના–મોટા બધા સમાન .... .... .... .... .... | 20 |
| ૦૮ | એક–બીજાના હિતનો વિચાર.... .... .... .... .... | 25 |
| ૦૯ | મીઠી વાણીનો ઉચ્ચાર .... .... .... .... .... .... | 28 |
| ૧૦ | સ્વધર્મનું ભાન .... .... .... .... .... .... .... | 30 |
| ૧૧ | માતા–પિતાનું સંસ્કરણ – બાળકોનું આચરણ .... .... | 32 |
| ૧૨ | ઉપસંહાર .... .... .... .... .... .... .... .... | 34 |

**જેના ઘરમાં ભક્તિ ને જ્ઞાન, એ ઘર આવે છે ભગવાન,**
**જ્યાં ગુંજે નિત પ્રેમની તાન, એ ઘર આવે છે ભગવાન;**
**જ્યાં છે સંત તણા સન્માન, એ ઘર આવે છે ભગવાન,**
**એ ઘર તીરથધામ, વસતા જ્યાં ભગવાન... ।।૧।।**

ભગવાન કયા ઘરમાં જશે ? કયા ઘરમાં મહેમાન બનીને જશે ? અને પછી ત્યાં જ ઘરના જ કાયમી સભ્ય બનીને રહી જશે ? એ આપણે જોવાનું છે...

## (૧) ભક્તિ

આપણે કોના ઘરે મહેમાન બનીએ ? આપણે જઈએ ત્યારે મીઠો આવકાર મળે ઘરે બેસવાનું કહે, પાણી આપે, ઠંડુ–ગરમ આપે, નાસ્તો કે જમણ આપે, વાતો કરે આપણને છોડીને બહાર ન જતા રહે... આ બધી **ભક્તિ** જ્યાં હોય તે ઘરમાં જ જઈએ ને ?

ભગવાન તો બહુ મોટા માણસ છે, એ એમને એમ કોઈના ઘરે પધરામણી ન કરે, એમને જોઈએ છે **ભક્તિ..!**

● જે ઘરમાં રોજ પ્રભુનું નામ લેવાતું હોય, જૈન ભાષામાં કહીએ તો રોજ ઘરના દરેક સભ્ય ૧૦૮ વાર કે છેવટે ૧૨ વાર નમસ્કાર મહામંત્રનો જપ કરતા હોય, એ પણ પૂરા ભાવ સાથે... શક્ય હોય તો પદ્માસનમાં, ટટ્ટાર બેસીને આંગળીઓ ઉપર કે છેવટે સુખડ–સ્ફટિક–કોટનની માળા ઉપર ! [પ્લાસ્ટીક કે સામાન્ય લાકડું જેવા તુચ્છ દ્રવ્ય પર નહિ !]

● ઘરમાં નાનકડું કે મોટું પણ મંદિર હોય, એમાં ભલે દર્શનીય પ્રતિમા હોય, પણ એકદમ સુંદર મજાની પ્રતિમા હોય, ત્યાં ઘરના બધા સભ્યોં રોજ ઓછામાં ઓછી ત્રણ સ્તુતિ તો બોલે જ. ભલે એમને કંઠસ્થ

ન આવડે તોય પુસ્તકમાંથી જોઈને બોલે. **નઝરાણું** વગેરે પુસ્તકો પોતાની પાસે રાખે, એમાં ૨૦૦–૩૦૦ સ્તુતિઓ છે. એક મહીના સુધી રોજ ત્રણ નવી સ્તુતિ તો બોલે જ, જૂની સ્તુતિ ગમતી હોય અને રીપીટ કરવી હોય, તો ભલે કરે, પરંતુ નવી ત્રણ સ્તુતિ તો બોલે જ. એટલે કે કુલ ૯૦ સ્તુતિ તો દર મહિને બોલે. અરે ! ગાય.. ભાવથી ગાય... રાગ સાથે ગાય... પ્રભુમાં લીન બને.. એ સ્તુતિઓનો અર્થ બરાબર શીખી લે અને પછી અર્થના ઉપયોગ સાથે બોલે...

● રોજ પ્રભુને ધૂપ–દીપક થાય...

● ઘરમાંથી બહાર જતી વખતે પ્રભુના દર્શન કરીને જ જાય...

● કોઈપણ નાનું–મોટું નવું કામ કરવું હોય તો પ્રભુને પૂછીને કરે, તમને થશે કે પ્રભુ ક્યાં 'ના–હા નો જવાબ આપવાના છે ?' પણ તમને ખબર નથી કે પ્રભુ હા–ના નો જવાબ આપે છે. હા! એમનો જવાબ આપવાનો અંદાજ અલગ છે.

તમારે પ્રાર્થના કરવાની છે કે હે પ્રભુ ! અમે/હું આ કામ કરવાના છીએ. પણ જો આ કામ અમારા આત્મા માટે નુકસાન કરનારું છે, તો તમે અમને રોકજો, એ કામ થવા જ નહિ દેતા. કોઈને કોઈ એવા વિઘ્નો ઉભા કરજો કે એ કામ થઈ જ ન શકે, અમે સમજી જશું કે ભગવાને જ આ કામ અટકાવેલું છે... ભગવાન જ આ બધા વિઘ્નો ઉભા કરીને સંકેત આપે છે કે 'Stop...'

મારે દીક્ષા લેવાની ભાવના હતી. ત્રણ–ચાર ગુરુજનોનો પરિચય થયો, પણ દરેકમાં વિઘ્નો આવ્યા અને મારી દીક્ષા એમની પાસે ન થઈ, છેવટે પૂ. ગુરુદેવશ્રી પાસે થઈ, આજે મને ખ્યાલ આવે છે કે 'એ જે ત્રણ–ચાર જગ્યાએ ન થઈ એ જ મારા માટે ઘણું સારું હતું... પ્રભુએ મારી રક્ષા કરી...'

● ઘરમાં પ્રભુ સિવાય બીજા કોઈ દેવી–દેવતાને રાખવા નહિ, કુળદેવી પણ નહિ, છેવટે રાખવા જ પડે, તો માત્રને માત્ર કુળદેવી ! અને એમને પણ પ્રભુના સેવકની જગ્યાએ જ બિરાજમાન કરવા, એમને મોટું સ્થાન આપવાની જરૂરત નથી...

કમસે કમ આટલી ભક્તિ તો ઘરમાં હોવી જ જોઈએ...

તો પ્રભુને મન થશે કે ‘ચાલો, જઉં આ ઘરમાં, રહું આ ઘરમાં...’

## (૨) જ્ઞાન

આપણે જે ઘરે જવું હોય એ લોકો આપણી **ભક્તિ** કરે, પણ તેઓ **અજ્ઞાની-જડ** હોય તો? **શબરી**ની જેમ તમને એઠી વસ્તુ ખાવા આપે, તો તમે **રામ** બનીને ખાશો ?

સતત બોલ–બોલ કર્યા જ કરે, તો તમને ગમશે ? તમને અણગમતી પ્રવૃત્તિસારા ભાવથી પણ કરે, તોય તમે એ અપનાવશો ? નહિં ને...!

આનો અર્થ એ જ કે તમને ભક્તિ સાથે વિવેક પણ જોઈએ છે, એ વિવેક એટલે જ **સમ્યગ્જ્ઞાન !**

પ્રભુને પણ જોઈએ છે **સમ્યગ્જ્ઞાન !** ગાંડી ભક્તિ પ્રભુને પસંદ નથી. પ્રભુને પસંદ છે વિવેકથી, પવિત્ર બનેલી ભક્તિ ! પ્રભુની આજ્ઞાઓને જાણવી અને બરાબર જાણીને એને પોતાની કક્ષા પ્રમાણે પાળવી આ છે **સમ્યગ્જ્ઞાન...!**

રાત્રે બાર વાગે જોરજોરથી ભક્તિગીતો વગાડીને આજુ–બાજુના લોકાને હેરાન કરનારી ભક્તિ કરો, તો પ્રભુને એ પસંદ નથી.

● ધન માટે, સંસારસુખ માટે પ્રભુની ભક્તિ કરો, તો પ્રભુને

પસંદ નથી.

● ઉંઘતા–ઉંઘતા, વગર ભાવે માળા ગણ્યા કરો, તો પ્રભુને પસંદ નથી.

● અન્ય દેવી–દેવતાઓના ફોટાઓના ઢગલા ઘરમાં ઉભા કરી દો, તો પ્રભુને પસંદ નથી.

**જ્ઞાન** તો જોઈશે જ, પ્રભુના વચનોને જાણવા તો પડશે જ, તો જ તમે પ્રભુને જે ગમે છે એ કરી શકશો... નહિં તો તો તમે ભક્તિ કરવા જશો, પણ તમારી અણસમજના કારણે પ્રભુની કુભક્તિ થઈ જશે. પછી તો પ્રભુ ભાગી જ જશે તમારા ઘરમાંથી !

માટે જોઈએ છે જ્ઞાન ! પ્રભુના વચનોનું જ્ઞાન !

શી રીતે મેળવશો એ જ્ઞાન ?

● સુગુરુ પાસે જઈ એક કલાક પ્રવચન સાંભળો.

● સુગુરુનો પર્સનલ કોન્ટેક્ટ કરીને પ્રશ્નો પૂછી સમાધાન મેળવો.

● જે કલ્યાણમિત્રો પાસે જ્ઞાન છે, એમના સંપર્કમાં રહીને એમની પાસે જ્ઞાન પામો.

● ધાર્મિક પુસ્તકો વાંચો, ચિંતન–મનન કરો.

● આજે તો Online પણ પંડિતજી વગેરે પાસે તમે અભ્યાસ કરી શકો છો, તો એ રીતે પણ જ્ઞાન મેળવો.

પછી તમે પ્રભુની આજ્ઞા પ્રમાણે બધું કરશો, પછી પ્રભુને ગમશે તમારા ઘરે રહેવાનું... મહેમાન બનીને આવેલા પ્રભુ ઘરના જ સભ્ય બનીને રહી જશે. દીકરાને જોવા આવેલી રાજકુમારી જેવી છોકરી જેમ ઘર ગમી જવાથી પુત્રવધુ બનીને કાયમ રહેવા આવી જાય ને, એમ બનશે.

*સંત તુકારામ, નરસિંહ મહેતા, કબીર, તુલસી, મીરા...* આ બધા જૈનેતર સંતોમાં **ભક્તિ અને જ્ઞાનનો સંગમ** જોવા મળે છે. એમના ભજનોમાં, ગીતોમાં નજર કરશો તો ખ્યાલ આવશે કે *'જ્ઞાન વિનાની ગાંડી ભક્તિ પણ નથી કે ભક્તિ વિનાનું રુક્ષ જ્ઞાન પણ નથી.'* **બુદ્ધિનું** અને **હૃદયનું** અદ્‌ભુત મિલન થયેલું છે એમાં !

જૈનદર્શનમાં તો **આનંદઘનજી, યશોવિજયજી, ઉદયરત્નજી, જ્ઞાનવિમલજી, રૂપવિજયજી, મોહનવિજયજી...** અરે ! અંત જ નથી આવા સંતોનો ! *પ્રાકૃત–સંસ્કૃત–રચનાકારો પણ આવા અનેકાનેક મળે...* માટે જ તો આ બધાના હૃદયગૃહમાં પ્રભુ સ્થિર બિરાજમાન હતા. પ્રભુની અચલ પ્રતિમા હતી...

## (૩) પ્રેમ

તમામ સંબંધોમાં નિર્દોષ પ્રેમ ઝલકે... નીતરે... પ્રકાશે...

● મા–બાપ વધુ કમાવનારા દીકરાને તો પ્રેમ કરે જ. પણ પુણ્ય–આવડત ઓછી હોવાથી ઓછું કમાવનારા દીકરાને પણ એટલા જ પ્રેમથી સાચવે...

● સાસુ–સસરા વધુ ધન લાવનારી વહુને તો પ્રેમ કરે જ, પણ સામાન્ય પરિવારથી આવેલી વહુને પણ એટલું જ ચાહે, ધનના કારણે ભેદ ન જ કરે. ક્યારેય એ વહુને એવું ફીલ ન જ થવા દે કે 'હું સામાન્ય પરિવારથી છું, મારા મા–બાપ પાસે ઓછું છે એટલે મારું અહીં મહત્ત્વ ઓછું છે...' વગેરે.

● મોટા ભાઈ નાનાભાઈને એટલો પ્રેમ કરે કે દિવસમાં એકવાર તો સાથે જમવા જોઈએ જ... નાનાની તબિયત વગેરેની પાકી કાળજી કરે... એજ રીતે નાનોભાઈ પણ મોટા માટે મરી મીટે...

● નાના–મોટાની સંપત્તિ જુદી જુદી ન હોય, બંનેની એક જ !... ખાનગી કશું નહિ.

● દેરાણી–જેઠાણી એટલે સગી બહેનો... બસ ! વધુ કશું કહેવાની જરૂર નહિ.

● નણંદ–ભાભી એટલે સગી બહેનો કે મા–દીકરી... બસ ! જાતે જ સમજી જાઓ.

● ઘરના નોકરો પણ ઘરના સભ્યો જેવા ! એમને પગાર આપવામાં કંજુસાઈ નહિ અને વિલંબ પણ નહિ, તોછડાઈ પણ નહિ... એને કારણવશ વધારે પૈસા જરૂર પડે તો આપવા, વગર વ્યાજે આપવા, શક્ય હોય તો દાનરૂપે આપવા... એ પણ એના ઉપર મોટો ઉપકાર કરીએ છીએ એ રીતે નહિં, પરંતુ પૂરા નમ્રભાવથી...!

● રસોઈયો હોય, ઝાડુ–પોતા કરનારી બાઈ હોય, દૂધવાળો હોય, લિફ્ટવાળો હોય, ડ્રાઈવર હોય... આવા તો ઘણા હોય... એમાંથી કોઈની પણ સાથે વાત કરવામાં **પ્રેમ ઝળકે...**એમને ઠપકો પણ આપવો પડે, તો એમાં તીખાશ ન હોય, તેઓને **રદ** કરવા પડે, તો પણ સંબંધ બગાડ્યા વિના રદ કરવા...

● ભાઈ–બહેનના સંબંધમાં પણ એવો ગાઢ **પ્રેમ** કે બહેનને સાસરામાં ખરેખર કોઈ મોટો પ્રોબ્લેમ આવે તો ભાઈ પોતાની પાસે જ બહેનને સાચવવા તૈયાર ! બહેનને ખોટો સપોર્ટ ન આપે, પણ સાચો સપોર્ટ આપવામાં પાછળ ન જુએ... આખા સમાજને પહોંચી વળે...

● પતિ–પત્ની વચ્ચેનો સંબંધ કામરાગથી જોડાયેલો છે, પણ એમાંય સમજપૂર્વકનો સાચો **પ્રેમ** જોડાય એ જરૂરી છે. એકબીજાની... Care... શરીરની તો ખરી જ, સાથે સાથે મનની પણ Care...

● અપશબ્દો નહિ જ, હાથ ઉપાડવાનું નહિ જ... આ મુખ્ય !

અમારા ગુરુદેવના મુખે સાંભળેલું... કેટલુંક...

✢ **'पोथी पढ-पढ जग मुआ, हुआ न पंडित कोय, ढाइ अक्षर प्रेम का पढे सो पंडित होय...'**

✢ **अमन्त्रमूलवशीकरणं** प्रेमः... કોઈને મંત્ર વિના વશ કરવો હોય, મૂળીયા ખવડાવ્યા વિના વશ કરવો હોય, તો એક જ વસ્તુ છે... **પ્રેમ !** પ્રેમથી જંગલી પશુ પણ વશ થાય છે...

✢ **સમ્યગ્દર્શન**ના ચાર આચારોમાં વાત્સલ્ય નામનો આચાર છે, ઘરના સભ્યો ઉપર **પ્રેમ** રાખવાના સંસ્કાર હશે, તો જ સંઘ ઉપર **પ્રેમ** પ્રગટ થશે ને !

યાદ રાખો...

શરીરને ટકાવવા માટે ત્રણ ટાઈમ ભોજનની જરૂર છે,

તો મનને ટકાવવા માટે ત્રણ ટાઈમ ભોજનની જરૂર છે જ...

એ મનનું ભોજન શું ? **પ્રેમ !**

એક ટાઈમ પણ ભેજન ન કરો, તો શરીર નબળું પડે... એમ એક ટાઈમ પણ કોઈને પ્રેમ ન મળે તો એનું મન નબળું પડે જ ને !

તપસ્વીઓ એકાસણાં–આંયબિલ કરે, એમ કોઈક મજબુત હોય તો એને દિવસમાં એકાદવાર **પ્રેમ** આપે તોય એનાથી પણ ચાલી રહે... મોટા તપસ્વીઓ ઉપવાસાદિ કરે, પણ પછી પારણું તો વ્યવસ્થિત કરે, એમ કોઈને એક–બે–ત્રણ દિવસ **પ્રેમ** ન મળે તો મનને ભૂખ લાગશે જ, પછી મનને પ્રેમનું વ્યવસ્થિત પારણું કરાવવું જ પડશે.

પ્રેમ એટલે શું ? ભેટવું... વગેરે પ્રેમની વાત નથી.

એક મા પોતાના નાના બાળકને પ્રેમ કરે છે, એટલે કે ચાહે છે...

હવે એ મા બાળક માટે શું શું કરે છે ? એ જોઈ લો, એનું નામ

પ્રેમ ! આ પ્રેમ ઘરના તમામ સભ્યો માટે દરેક સભ્યે રાખવાનો છે...

(A) બાળકે દૂધ પીધું કે નહિ ? ત્રણ ટાઈમ ખાધું કે નહિ ? આરામ કર્યો કે નહિ ? વગરે બધી જ કાળજી મા કરે ને ? તો એ જ રીતે દરેકે દરેકની કાળજી કરવાની.

સાસુએ વહુની, વહુએ સાસુની... દેરાણીએ જેઠાણીની–જેઠાણીના સંતાનોની... જેઠાણીએ દેરાણીની–દેરાણીના સંતાનોની... નાના–મોટા ભાઈએ એક બીજાની... દીકરાએ મા–બાપની... મા + નાના બાળકનું યાદ રાખજો એટલે સમજાઈ જશે કે What is true love...

(B) બાળકે ન ખાધું હોય તો મા એને મનાવીને ખવડાવે. બાળક રીસાય તો મા એને મનાવે, બાળકની ભૂલ હોય, તોય મા એ ભૂલને ભૂલીને પણ એને ખવડાવે, કોઈપણ હિસાબે મનાવે અને જમાડે... આવું ઉપરના દરેક સંબંધમાં દરેકે વિચારવું.

આ અઘરું છે, મા–બાળકના સંબંધમાં, આ બધું જેટલું સ્પષ્ટ દેખાય છે, એટલું સ્પષ્ટ સાસુ–વહુ, દેરાણી–જેઠાણી, ભાઈ–ભાઈના સંબંધોમાં દેખાતું નથી. માટે જ બરાબર ધ્યાન આપવાનું છે. માને બાળક માટે ગમે તેટલું ઝૂકી જવામાં ક્યાંય અહંકાર સતાવતો નથી, જ્યારે બીજા સંબંધોમાં અહંકારાદિ ઉભા જ રહે છે. એ જ બતાવે છે કે એમાં પ્રેમ કાચો છે, ઘણો કાચો છે.

દેરાણીને ખોટું લાગ્યું, ને એ ભોજન વિના રૂમમાં ભરાઈ ગઈ, ત્યારે જેઠાણી મા બનીને એને મનાવવા ગઈ ? 'તું નહિ ખાય, તો હું પણ નહિ ખાઉં.' એવું કીધું ? એમ સાસુ–વહુ વગેરેમાં પણ ! અરે, પોતાના સંતાનો કરતાં પણ બીજાના સંતાનોની વિશેષ કાળજી રાખવાની ઉદારતા દેખાડી ખરી ?... ભારે છે આ બધું ! આના વિના ભગવાન ઘરે આવતા પણ નથી... ભગવાન સસ્તા તો નથી જ ને...

**ભગવાનને ધનગરીબોના ઘરે જવામાં વાંધો નથી, પણ ગુણગરીબોના ઘરે જવામાં ૧૦૦% વાંધો છે...**

(C) બાળક બિમાર થાય તો મા શું કરે ? બેબાકળી બને, ડૉક્ટર પાસે લઈ જાય, સતત બાળકની સંભાળ કરે... બસ ! એવું કોઈની પણ બિમારીમાં સમજી લેવું. બિમારીમાં તમે કોઈની પણ સંભાળ લેશો, તો એ બિમારના હૃદયને જીતી લેશો. કેમકે બિમાર માણસ તન–મન બંનેથી ઢીલો પડે છે, ત્યારે તમે સેવા કરીને તનને સાચવો અને મીઠા શબ્દો, કાળજી દ્વારા મનને સાચવો એટલે એ તમને વશ થાય, થાય ને થાય જ.

(D) બાળક મેડલ મેળવે, સારા માર્કસ લાવે, હસે... તો મા કેટલી ખુશ ! એમ ઘરના કોઈપણ સભ્યના વિકાસમાં દરેકને અઢળક ખુશી થવી જોઈએ.

મા આખા સમાજમાં બોલતી ફરે કે **'મારા દીકરાને આ સફળતા મળી...'** એમ ઘરના કોઈપણ સભ્યની કોઈપણ સફળતાની આખા સમાજમાં જાહેરાત કરવાનો ઉલ્લાસ દરેકને હોવો જ જોઈએ. ૧૦ વર્ષના લગ્ન બાદ પણ વાંઝણી જેઠાણી બે જ વર્ષના લગ્નમાં રૂપાળા દીકરાને જન્મ આપનાર દેરાણીની સાચા મનથી અનુમોદના કરી શકશે ? ઘેર–ઘેર મીઠાઈના બોક્ષ આપીને સાચા મનથી બોલી શકશે કે **'પ્રભુએ મને તો સંતાન ન આપ્યું પણ દેરાણીની ગોદ ભરીને મને જ સંતાનની ભેટ ધરી છે...'**

બસ,

મને લાગે છે કે આ (A), (B), (C), (D) શીખી લો એટલે તમે પ્રેમ શીખી ગયા... ફરી Short માં જુઓ...

(A) ઘરના સભ્યોની ભોજનાદિની કાળજી–નોંધ કરવી.

(B) ઘરના સભ્યોને મનાવી જ લેવા, દુઃખી–રીસાયેલા રહેવા ન

જ દેવા.

(C) ઘરના સભ્યોની બિમારી વગેરેમાં ખડે પગે સેવા કરવી.

(D) ઘરના સભ્યોની સફળતામાં અતિશય ખુશી મનાવવી.

આ સિવાય પણ ઘણું જ છે, પણ અત્યારે તો આટલો **પ્રેમ** શીખો...

## (૪) સંતોનું સન્માન

જૈન સાધુઓ વિહાર કરે છે, સંઘે સંઘે જાય છે... જે ઘરમાં એવા સંસ્કાર હોય કે ઉપાશ્રયે જઈને સાધુ–સાધ્વીને ગોચરી માટે વિનંતી કરવી... અને માત્ર વિનંતી જ નહિ... એમને પોતાની સાથે જ ઘરે લઈ આવવા... એમને ખૂબ ભાવો સાથે ગોચરી વહોંરાવવી... એમને અનુકૂળતા હોય, તો હિતશિક્ષા લેવી... સાધુ–સાધ્વીઓએ ઘરોમાં ગોચરી જવાનું જ છે, તમારી ભાવભરી વિનંતી જોઈને એ તમારા ઘરે આવશે જ, કેમ ન આવે ?

જે ઘરમાં સતત આ રીતે સાધુ–સાધ્વી પધારે, એ ઘર એમની પવિત્ર ઉર્જાના પ્રભાવે પવિત્ર બનવાનું જ. ઘરના દરેક સભ્યો સાધુ–સાધ્વીના પરિચયમાં આવશે. બધાને ગોચરી વહોરાવવી... વગેરે શીખવા મળશે. બધાના અંદરથી સાધુ–સાધ્વી માટેનો સંકોચ, એમનો ડર નીકળી જશે... જાણે કે સાધુ–સાધ્વી એક પરમમિત્ર જેવા બની જશે. આ સુસંગના પ્રભાવે કુસંગ થશે નહિ, થયા હશે તો પણ એની અસર ઘટશે, ખતમ થશે. સાધુ–સાધ્વીઓ પારસમણિ છે, એમણે ઘણા લોખંડોને = અધર્માત્માઓને સુવર્ણ = ઉત્તમાત્મા બનાવ્યા છે.

ઘરે સાધુ–સાધ્વીને લાવવાના જ, ઘરના દરેક સભ્યો ઘેલા–ઘેલા થાય, નાના બાળકથી માંડીને મોટા દાદા સુધીના બધા જ પડાપડી કરે

'મને વહોરાવવા દો...' એવો મસ્ત માહોલ જામે, સાધુ–સાધ્વીએ ત્યાં વહોરતા ડરવું પડે એવો સહુનો ઉછળતો ભાવ હોય. આવું દરેકે દરેકમાં હોવું જ જોઈએ.

સુપાત્રદાન, સુપાત્રપરિચય આ બધાના સંસ્કારો ઘરને દેવલોક ન બનાવે તો જ આશ્ચર્ય ગણાય.

આ ઉપરાંત ગણિ–પંન્યાસ–આચાર્ય–ઉપાધ્યાય કે શાસનપ્રભાવક સાધુ, તપસ્વી સાધુ વગેરેને પણ વિશેષ વિનંતી કરીને ઘરે પગલા કરવા, એમની સાથે સંઘને પણ આમંત્રણ આપવું. ઘરમાં, ટેરેસમાં, પાર્કિંગમાં વ્યાખ્યાન ગોઠવવું. મોટા મહાત્મા ઘરે પગલા કરે એટલે આખા સંઘમાં ઉલ્લાસ હોય... આ રીતે પ્રવચનો સાંભળવાથી ઘરના સભ્યો ઘણો બધો ધર્મ પામે, મ.સા.ની પ્રેરણાથી નાની–મોટી બાધાઓ પણ લે...

આ બધાનો સાર–

● સાધુ–સાધ્વીને આગ્રહ કરીને ઘરે ગોચરી માટે લાવવા.

● ઘરના દરેક સભ્યો ગોચરી વહોરાવે.

● નાની–મોટી હિતશિક્ષા સાંભળે.

● મોટા સાધુઓને પણ, પગલા માટે બોલાવવા + પ્રવચન રાખવું.

● ઘરમાં કોઈપણ સાધુ–સાધ્વીની નિંદા નહિ, જે સાધુ–સાધ્વી મનમાં ન બેસે એમના માટે મૌન ધારણ કરવું...

● ઘરમાં ગૌતમસ્વામીજીનો ફોટો + મૂર્તિ અવશ્ય રાખવા. એ ઉપરાંત પોતાના ઉપકારી ગુરુનો ફોટો + મૂર્તિ પણ રાખી શકાય...

● કાળ ખરાબ છે, સંતોમાં પણ ભૂલો હોવાની... એ બધાને ભૂલીને એમના ગુણો જોઈને એમની અનુમોદના કરવી... મોટા દોષો

હોય, તો પછી ઉપેક્ષા કરવી પણ નિંદા નહિ.

આવા ઘરે પધારે છે પ્યારા પ્રભુ ! બિરાજે છે શાણા પ્રભુ ! બને છે પછી એ ઘર શત્રુંજય જેવું, ગિરનાર, શંખેશ્વર જેવું પવિત્ર તીર્થધામ ! આવા ઘરની યાત્રા કરવાથી એ યાત્રાળુઓના અનંત કર્મો ખપે.

**ઘરમાં સહુ સંપીને રહેતા, એકબીજાને દોષ ન દેતા,**
**નાના - મોટા સહુ ય સમાન, એ ઘર આવે છે ભગવાન,**
**એ ઘર તીરથધામ, વસતા જ્યાં ભગવાન... ॥૨॥**

# (૫) સંપ

અંદર અંદર પ્રેમ તો હોય, પણ કોઈ ઈર્ષ્યાળુ એમાં તોડફોડ કરવા માંગે તો એ થવા ન દેવી સારી વસ્તુ પોતાની પાસે હોય, તો બધાને ગમે... બીજા પાસે હોય તો બધા બળે... અને પોતે બળીને બીજાને પણ બાળે. આ ઈર્ષ્યાની આગ એવી છે કે બીજાને બાળ્યા વિના શાંત થતી નથી. ક્રોધની સજ્ઝાયમાં આવે છે **'આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે, જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પ્રજાળે...'** ત્યાં ક્રોધાગ્નિની વાત છે. ઈર્ષ્યાગ્નિ પણ એવી જ છે. એ અગ્નિ જેના હૃદયમાં પ્રગટે એ તો બળે જ, અને એને કોઈ સુગુરુ સમજાવનાર ન મળે, તો એ ઈર્ષ્યાળુ નિંદા કરીને, માયા-કપટ કરીને બીજાને પણ બાળે.

જે ઘરમાં પ્રેમ હશે, એ ઘર પ્રત્યે ઈર્ષ્યાથી સળગનારા ઘણા હશે, તેઓ પછી એ ઘરનો પ્રેમ તોડવા પ્રયત્ન કરશે જ.

સાસુને ભડકાવશે કે *'તમારી વહુ તો જબરી છે, તમારી સામે મીઠી ! પણ અમારી સામે તો તમારું કાપે જ છે... એને દબાવીને રાખજો, બહુ છૂટ નહિ આપતા...'*

વહુને ભડકાવશે કે *'તારી સાસુ કહેતી હતી કે વહુને કંઈ આવડતું નથી, મારે જ શીખવવું પડશે, એના પિયરમાં પણ કંઈ નથી આ તો અમે ઉદારતા રાખીને એને સ્વીકારી છે. બિચારીએ પિયરમાં પૈસાનું સુખ જોયું જ નથી, અહીં એને ખાવા-પીવા-ઓઢવા-ફરવા મળશે...'*

નાના ભાઈને ભડકાવશે કે *'તારો મોટો ભાઈ ચાલાક છે,*

*દુકાનમાં તને દબાવીને રાખશે, નફો ઘણો હશે તોય તને દેખાડશે નહિ. એને છુપાવતા – બેનંબરનું કરતા આવડે છે. પપ્પા પાસે, મમ્મી પાસે મીઠું બોલી સહી કરાવી ઘણું બધું લઈ લેશે, જરા ચાલાક બનીને જીવજે, આ કાળમાં હવે રામ રહ્યા નથી, એટલે તું ભરત–લક્ષ્મણ બનવાના આદર્શો છોડી દેજે...!'*

પતિને ભડકાવશે કે *'તારી વાઈફ (=મારી ભાભી)ના લક્ષણ સારા નથી લાગતા એ ફલાણા સાથે વાતો કરે છે, દાળમાં કંઈક કાળું છે...'*

પત્નીને ભડકાવશે કે *'ઓફિસમાં ઘણી રૂપાળીઓ છે, બહારગામ જાય ત્યારે તો આઝાદ છે તારો પતિ ! પૈસો ઘણો છે, ઘણી ગરબડ કરી શકે છે, પકડીને રાખજે, નહિ તો જીવતા પતિએ વિધવા બનવાનો વારો આવશે...'*

સંતાનોને ભડકાવશે કે *'તારા મા–બાપ તને પ્રેમ નથી આપતા...'*

મા–બાપને ભડકાવશે કે *'તમારા સંતાનો ભટકી રહ્યા છે...'*

**કાચા કાન, બગડ્યા કામ...** એ હાલત થાય...

ઘરમાં યુનિટી એવી જોઈએ કે કોઈ તોડી ન શકે, એ યુનિટીનું નામ જ છે **સંપ !**

સંસારના કે સંયમના કોઈપણ સંબંધો વિશ્વાસ ઉપર ચાલે છે... એ વિશ્વાસ તૂટ્યો એટલે સંબંધ તૂટ્યો જ સમજો.

**'आंख धोखा है, क्या भरोसा है,**
**दोस्तो शक दोस्ती का दुश्मन है;**
**अपने दील में उसे घर बसाने न दो...'**

આપણી ખુદની આંખોથી જે જોયું હોય એ પણ ખોટું હોઈ શકે છે... તો કોઈકની વાતો સાંભળીને એ વાતોને સાચી માની લઈ કોઈકના

ઉપર શંકા કરવી એ તો ઘણું ખોટું છે. શક=શંકા તો દોસ્તીનો=સંબંધનો દુશ્મન છે, મનમાં શંકા ન લાવવી.

એક જ સંકલ્પ...

**'એક વ્યક્તિ માટેની નેગેટીવ વાત બીજી વ્યક્તિના કહેવા માત્રથી ન જ માનવી..!'** આ છે **સંપ !**

મુવીઓમાં એ તમે જોયું જ હશે કે સંપ તોડાવનારા ઘણા મળે છે... **मैंने प्यार किया** હોય, કે **सोदागर** હોય કે **धरमवीर** હોક કે **મહાભારત** સિરીયલ હોય... બધા આ વાતને જાણે છે, સમજે છે... છતાં પણ બધા ભૂલ કરે છે... બે ભૂલ કરે છે... (૧) પોતે ઈર્ષ્યાથી સળગીને કોઈકના **સંપ** તોડાવે છે અને (૨) કોઈકની ઈર્ષ્યાનો ભોગ બનીને પોતાના **સંપ** તોડે છે...

પરસ્પરનો દૃઢ વિશ્વાસ એ છે **સંપ !**

પરસ્પરનો દૃઢ વિશ્વાસ તૂટવો, એ છે **કુસંપ !**

આમાં **સંપ** ટકાવી રાખવાનો સરળ ઉપાય...

● કોઈ આપણી સામે આપણા પરિવારજનની નિંદા કરે તો સાંભળવું જ નહિ...

● ધારો કે નિંદા સાંભળી તો એ નિંદકને કહેવું કે *'ચલ તું અને હું સાથે મળીને એની પાસે જઈએ, પછી તું બધી જ વાતો એની હાજરીમાં બોલજે, જો તું મારી સામે એની ભૂલો બોલી શકે છે, તો એની સામે જ એની ભૂલો બોલ ને ! તો જ એ સુધરશે...'*

૯૯% લોકો ગભરાશે, દરેક જણ વ્યક્તિના મોઢા પર એનો દોષ કહેતા ગભરાય છે... કેમકે કોઈ ખાટું–ખાટું–તીખું થવા માંગતું નથી, પણ વ્યક્તિની પીઠ પાછળ બોલવામાં બધાને મજા આવે છે.

ખબર છે ? આવા નિંદકોને સંસ્કૃતમાં શું કહે છે ? **'પૃષ્ઠમાંસભોજી'** પીઠનું માસ ખાનારો... સામે આવીને દોષ બોલવાને બદલે પાછળ દોષ બોલવા એટલે **પીઠનું માંસ ખાધું** કહેવાય.

નિંદકને જો તમે નિંદ્યની સામે નિંદા કરવાનું કહેશો તો એ ગભરાઈ જશે અને તમને ખબર પડી જશે કે 'એ કેટલો **સાચો-જૂઠો** છે..!'

● નિંદકને કહેવું કે 'તારી કહેલી બધી વાત હું તારા નામે જ નિંદ્યને કહીશ કે હે નિંદ્ય ! પેલો નિંદક તારા માટે આમ બોલતો હતો.' પછી એ નિંદકની હાલત જો જો એની જુઠ્ઠાઈ પકડાઈ જ જશે.

દા.ત.

● વહુએ સાસુ માટે નેગેટીવ સાંભળવું નહિ.

● માનો કે પડોશી પાસે વહુએ સાંભળી લીધું તો વહુએ પડોશીને કહેવું કે *'ચાલો, તમે મારી સાસુ પાસે આવીને આ વાત કરો... એટલે બધું* Clear *થાય...'*

● અથવા એમ કહેવું કે *'હું તમારા નામથી સાસુને બધી વાત કરીશ...'*

## (૬) પરસ્પર દોષારોપણનો ત્યાગ

અધ્યાત્મ જગતનું ઉત્તમ વાક્ય છે **'આ મારી જ ભુલ છે...'** અધ્યાત્મ જગતનું અધમ વાક્ય છે **'આ તારી જ ભુલ છે...'**

જીવનો સ્વભાવ છે કે 'પોતાનો બચાવ કરવો, ભુલનો સ્વીકાર ન કરવો...'

જીવ પહેલી મહેનત કરશે એ સાબિત કરવાની કે 'મારી ભુલ છે જ નહિ...' જો ભુલ સાબિત થઈ જ જાય તો એ બીજી મહેનત કરશે એ સાબિત કરવાની કે 'મારી ભુલ અલ્પ છે કારણવશ કરવી પડી છે...'

આ સ્વભાવ ઘણો ખરાબ છે, આના કારણે જ એ બીજી ભુલ શું કરે છે ખબર છે ? પોતાની ભુલ નથી એ સાબિત કરવા માટે **'બીજાની જ ભુલ છે'** એ સાબિત કરવા મહેનત કરશે... એમ પોતાની ભુલ ઓછી છે એ સાબિત કરવા **'બીજાની જ ભુલ વધારે'** એ સાબિત કરવા મહેનત કરશે...

બસ, આનું નામ છે **'પરસ્પર દોષારોપણ !'**

ક્રિકેટમાં જે ટીમ મેચ હારે એ ટીમના ખેલાડીઓ 'હારનું કારણ કોની ભુલ ?' એ માટે અંદર–અંદર દોષારોપણ કરતા જ હોય છે. એક કેચ બે જણ પકડવા દોડે અને ગલતફહેમીમાં બંને ય જણ એ કેચ છોડી દે ત્યારે બંને એકબીજાની સામે આંખો કાઢીને જુએ... બંને એકબીજાને જાણે કહે છે કે **'તેં ભુલ કરી...'**

દીકરો ખોટા રસ્તે ચડે એટલે મા–બાપ પરસ્પર દોષો આરોપે, મા કહે *'તમારા કારણે દીકરો બગડ્યો.'* પિતા કહે *'તારા લાડ–પ્યારના કારણે દીકરો બગડ્યો.'*

દીકરી સાસરેથી પાછી આવે, તલાક થાય, મા કહે બાપને 'તમે છોકરો જ સાવ ખોટો શોધ્યો, હું તો ના જ પાડતી હતી...' બાપ કહે માને 'તે દીકરીને જન્મથી જ સહન કરવાનું શીખવ્યું નથી, સ્વચ્છંદી બનાવી છે, એનું પરિણામ છે...'

તમે દરેક ઝઘડાનું મૂળ જોશો તો પ્રાયઃ આ જ હશે કે *'સ્વદોષોનો સ્વીકાર નથી, એને બદલે બીજા ઉપર દોષારોપણ છે...'* અથવા 'સ્વદોષો સ્વીકારે પણ છે, તો પણ સ્વદોષને નાના સાબિત કરવાની મહેનત છે, પરદોષને મોટા સાબિત કરવાની મહેનત છે...'

આમાં આગ સળગવાની જ છે... આ દોષારોપણ નામની ભુલ એક પણ કરે કે બંને પક્ષ કરે, પણ આ સંભાવના પાકી જ છે...

આ માટે એક જ ઉપાય, અધ્યાત્મ જગતનું સુંદર વાક્ય... **'આ મારો જ દોષ છે...'** સામેવાળાનો દોષ જોવા નહિ, સામેવાળા પર ખોટા દોષનું આરોપણ કરવું નહિ, પોતાનો જે દોષ હોય એનો સ્વીકાર કરી લેવો, સાચા મનથી સ્વીકાર કરવો...

તાજો જ પ્રસંગ... વિશાખાપટ્ટનમ્ (વૈજાખ)માં અમે છીએ ત્યાં નવું રજતભવન બનેલ છે, મને ખબર પડી કે 'આમાં ૫ કરોડ દેવદ્રવ્યના લાગેલા છે...' તો મેં ટ્રસ્ટીઓને પુછ્યા વિના જ જાહેરમાં એનું ખંડન કર્યુ કે આ ન ચાલે, અહીં ન રોકાવાય, અહીંની ૪૦ રૂમોમાં મહેમાનોએ ન ઉતરાય...' ટ્રસ્ટીઓને દુઃખ થયું, એમણે મને વાત કરી કે 'સાહેબ ! દરેક રૂમના ૩ લાખના લાભાર્થી લીધા છે, એક મોટા હોલના લાભાર્થી ૪૦ લાખના લીધા છે અને એ સિવાયનું જે કંઈપણ Use કરીએ છીએ, એમાં અમે ભાડું ભરીએ છીએ...'

સ્પષ્ટ રૂપે ભુલ મારી જ હતી કે એમની પાસે ક્લીઅર કર્યા વિના મારે જાહેરમાં ન જ બોલાય. હવે હું અહંકારમાં આવીને કહું કે 'તમે કોને પૂછીને દેવદ્રવ્યના પૈસા લગાડ્યા ? પહેલા ભુલ કરવી અને પછી એના માટે ફંડ કરવું એ કેમ ચાલે ?' તો ૧૦૦% સંક્લેશ વધે જ. મેં એ વખતે મારી ભુલ સ્વીકારી તરત જ સાચા મનથી ક્ષમા માંગી, અને ઝઘડો તો દૂરની વાત, પ્રેમનો માહોલ બમણો થઈ ગયો.

દસ શિષ્યો છે, મેં એક-બે વાર એક-બેને વધુ ઠપકો આપ્યો, આજે કોઈ ગૌતમસ્વામી નથી. હું વીર નથી, એમને દુઃખ થયું... એમના વર્તનમાં એ દુઃખ દેખાયું. હવે શું ? શિષ્યોની ભુલ તો હતી જ માટે જ ઠપકો આપેલો, પરંતુ મેં મારી ભુલ જોઈ કે 'એમની ભુલ ભલે હોય, પણ ગુસ્સો કરવો એ મારી ભુલ...' અને સાચા મનથી મેં મારી ભુલનો સ્વીકાર પણ કર્યો. બંને શિષ્યો મારી ક્ષમાયાચના સાંભળીને એકદમ ઢીલા થઈ ગયા. એમણે પોતાની ભુલનો સ્વીકાર કરીને માફી માંગી.

સંબંધોમાં કોઈ તિરાડ નહિ. ધરતીકંપ આવ્યો, પણ સંબંધને તોડી ન શક્યો.

કાયમ માટે ધ્યાનમાં લો, મીઠા સંબંધો ટકાવવા માટે **'બીજાની ભુલો કાઢવી નહિ, પોતાની ભુલો સ્વીકારવી'** એ અણમોલ ઉપાય છે...'

મીઠા સંબંધોને તોડવા હોય, તો જ 'બીજાની ભુલો કાઢજો, પોતાની ભુલો ઢાંકજો...

જ્યારે ખરેખર એવી હકીકત હોય કે ૧૦૦% ભુલ બીજાની અને ૦% ભુલ પોતાની ત્યારે પણ ખુબ સમજદારીથી કામ લેવું. બીજાની ભુલ હોય તો પણ બીજાની ભુલ સ્વીકારવાની તૈયારી નથી હોતી. ભુલ હોવી અલગ વસ્તુ છે, એને સ્વીકારવાની તૈયારી અલગ વસ્તુ છે.

જ્ઞાનાવરણાદિ મોહાદિ કર્મોના કારણે ભુલ થાય, પણ એનો અસ્વીકાર તો મોહના કારણે જ થાય, અને બધાને મોહ વળગેલો છે.

સાર:

● કોઈપણ ખરાબ પ્રસંગ બને, એમાં સૌથી પહેલા એ જ શોધવું કે 'મારી ભુલ આમાં કેટલી ?'

● બે-પાંચ ટકા પણ પોતાની ભુલ દેખાય, તો સૌ પ્રથમ એનો સ્વીકાર કરવો.

● બીજાની ભુલ ૮૦-૮૫% પણ દેખાય, તો પણ એ વખતે તત્કાળ એ ભુલ સાબિત કરવાની મહેનત ન કરવી.

● બીજો જીવ ખાનદાની હશે તો એને પોતાની ભુલ સમજાઈ તો જશે જ, અહંના કારણે ન સ્વીકારે, તોય અંદરથી તો એ સમજતો જ હશે. એ વખતે એના અહંને છંછેડવો નહિ. જાહેરમાં એનો દોષ સાબિત કરવાની મહેનત ન કરવી ને અહંને છંછેડશો તો ઉલટું એ વધુ કદાગ્રહી

બનશે, અને છોડી દેશો તો મનથી એ સ્વદોષ જોઈ સ્વીકારી શકશે. (જાહેરમાં ન સ્વીકારે એની પરવા ન કરવી.)

● બીજો જીવ અલ્પ ખાનદાનીવાળો હોય, તો એવું બને કે તમે તમારી ભુલ સ્વીકારો અને એને એની ભુલ ન બતાવો... એટલે વધુ અહંકારી બને, પોતાની ભુલ ન જ જુએ. એમ જ માને કે 'હું શુદ્ધ છું, આ જ બધા દુષ્ટ...' આવા જીવને પાછળથી એકાંતમાં દરેકે દરેક ભુલ બતાવવી... શાંતિથી બતાવવી, તો એને ખ્યાલ આવી જશે પણ On the spot નહિ બતાવવી.

● જે સાવ બિનખાનદાન છે, એની તો વાત જ છોડો, મડદાને જીવતો કરવાની મહેનત કોણ કરે ? કોઈ જ નહિ.

## (૭) નાના-મોટા બધા સમાન

પક્ષપાત ન હોવો જોઈએ, ન્યાય બરાબર થવો જોઈએ. કોઈના પણ બેક ગ્રાઉન્ડની અસર તત્કાલના નિર્ણય ઉપર ન થવી જોઈએ. આ વાત દૃષ્ટાંતથી સમજાશે...

● ત્રણ દીકરીઓ ઉપર એક દીકરો છે, સહજ રીતે જ એને વધુ પ્રેમ મળે, હવે ક્યારેક ભાઈ-બહેન વચ્ચે કંઈક ઝઘડો થાય ત્યારે મા-બાપ મોટા ભાગે દીકરાનો પક્ષ લઈને દીકરીઆને ઠપકારે.

એ દીકરો છોકરો છે, લાડકો છે... એ બધી વાત સાચી પણ વર્તમાનમાં જે પ્રસંગ બન્યો હોય, એમાં આ બધું વચ્ચે આવવું ન જોઈએ. ત્યારે મા-બાપે મધ્યસ્થ તરીકેની ભૂમિકા ભજવવાની છે, અને દીકરાની ભુલ હોય તો એને પણ ઉચિત હિતશિક્ષા આપવી જોઈએ, તો દીરકીઓને સંતોષ થશે. નહિ તો એમના મનમાં ભારે અસંતોષ રહેવાનો કે 'અમે છોકરીઓ એટલે અમને અન્યાય ! ભાઈ, છોકરો

એટલે બધા એમનો પક્ષ લે.' આ રીતે તો દીકરીઓ મા–બાપને ભાઈને ધીરે ધીરે નફરત કરવા લાગશે અને આવી તો હજારો છોકરીઓ આજે જોવા મળે છે.

● દેરાણી આળસુ હોય આવડત ઓછી હોય... જેઠાણી ઘણું કામ કરતી હોય, એટલે જ સાસુ–સસરાને જેઠાણી પ્રત્યે વિશેષ લાગણી હોય, એ તો સહજ છે કે **'કામ કરે એ સૌને ગમે'** પણ આ ગમો એ પક્ષપાતમાં પલટાવો ન જોઈએ. નં ૧ ના પ્રસંગની માફક ધારો કે દેરાણી–જેઠાણી વચ્ચે કોઈક પ્રસંગ બને, તો ત્યાં પણ આ ખાસ ધ્યાન સાસુ–સસરાએ રાખવાનું છે કે *'જો જેઠાણીની ભુલ હોય, તો એને પણ હિતશિક્ષા આપવી...'* **જેની જેટલી ભુલ, એને એટલી હિતશિક્ષા આપવી...!**

● એમ દેરાણીના છોકરાઓ અને જેઠાણીના છોકરાઓ... નાનો દીકરો અને મોટો દીકરો... ઘણી વાર નાનો દીકરો સારું કમાય અને મોટો દીકરો ઓછું કમાય... આ બધામાં પણ માતા–પિતાએ ખ્યાલ રાખવો કે નાનાની વધુ સંભાળ અને મોટાની ઓછી... No ! આમ ન ચાલે...

● પત્ની અને ભાભી... ત્યાં પત્ની પ્રત્યેના પક્ષપાતથી 'એને વધુ કામ નહિ આપવું...' વગેરે મેન્ટાલિટી સાવ ખોટી !

સામાન્યથી જે ભુલો પરિવારમાં થાય છે તે આ છે કે–

● મોટાઓની સંભાળ વધુ થાય, નાનાઓની ઓછી...

● મોટાઓની મોટી ભુલ પણ માફ કરવામાં આવે, નાનાઓની નાની ભુલ પણ પ્રગટ કરવામાં આવે...

● મોટાઓના નાના કામની પણ પ્રશંસા થાય, નાનાઓના મોટા કામની પણ નોંધ ન લેવાય...

આ બધી છે અસમાનતા ! એની સામે સમાનતા સ્પષ્ટ જ છે કે–

● મોટાઓની જેટલી સંભાળ લેવાય, એટલી જ સંભાળ નાનાઓની લેવી...

● મોટાઓની નાની કે મોટી કોઈપણ ભુલ માટે ઉચિત હિતશિક્ષા આપવી જ, એમ નાનાઓની પણ નાની કે મોટી કોઈપણ ભુલ માટે ઉચિત હિતશિક્ષા આપવી જ.

● મોટોઓના નાના–મોટા શુભ કામોની અનુમોદના જે રીતે થાય, એ જ રીતે નાનાઓના પણ નાના–મોટા શુભ કામોની અનુમોદના થવી જ જોઈએ.

આ છે **સહુ સમાન !**

આ બાબતમાં વડીલોની અંદર સખત વિવેક, ઉપયોગ, જાગૃતિ હોવી જરૂરી છે. કોઈને પણ ઓછું ન લાગે... એ રીતની વ્યવસ્થા હોવી જોઈએ. કહેવત છે કે **'બધી આંગળીઓ સમાન ન હોય...'** એનો અર્થ જ એ કે પરિવારના બધા સભ્યો સમાન ન હોય, પણ વડીલોએ ન્યાય તોળવામાં પક્ષપાત ન કરવો, ન જ થવો જોઈએ...

સમાનતાનો મતલબ એવો પણ ન સમજવો કે **'બધાને સરખું જ !'** પણ જેને માટે જે ઉચિત હોય, તેને માટે તે થવું જોઈએ... **એ સમાનતા !**

**'બધાને ચાર રોટલી જ...'** એવું તો ન જ હોય ને ! જેની જેટલી ખાવાની શક્તિ ! એને એટલું ભોજન ! છોકરીઓને ડ્રેસ, તો છોકરાઓને પણ ડ્રેસ એવું તો ન જ થાય ને !

એ જ રીતે કોને રસોડું, કોને વેપાર, કોને ઘરના અન્ય કામ, કોને ભણતર,... વગેરે બધામાં ફરક તો રહેવાનો જ, પણ ન્યાય પાકો... એનું નામ સમાનતા !

આ જે પદાર્થ લખ્યો છે, એના દૃષ્ટાંતો નથી લખતો, તમે તમારી બુદ્ધિ લગાડીને સમજી જજો, અને તમારા કે પારકા ઘરમાં નજર કરશો તો તરત જ પોઝીટીવ + નેગેટીવ બંને પ્રકારના દૃષ્ટાંતો તમને દેખાઈ જ જશે.

હા ! સાધુ જીવનમાં મેં જે પોઝીટીવ દૃષ્ટાંતો જોયા એ તમને બતાવું છું.

● લોચ કરવા માટે ભાવનગરથી અંતુભાઈ આવેલા, વહેલી સવારે લોચ કરો, તો એ સારો થાય. જેમ જેમ મોડું થાય તેમ તેમ લોચ અઘરો પડે. એક વૃદ્ધ મહાત્મા પુણ્યદર્શન મ.નો પણ લોચ હતો. મારી ઈચ્છા હતી કે 'હું વહેલો કરાવી લઉં, જેથી Easy થાય.' મેં સ્વાર્થ જોયો વૃદ્ધ મહાત્માનો વિચાર ન કર્યો કે 'એ મોડો કરાવશે,તો એમને અઘરો નહિ પડે ?'

વૃદ્ધ સાધુ મારાથી પર્યાયમાં નાના, ભણવામાં તો કંઈ જ નહિ, સાવ ભોળા ! અમે બંને લોચની રજા લેવા ગયા **પૂ. ગુરુદેવશ્રી** પાસે ! તેમણે હા પાડી અને અમે નીકળતા જ હતા કે તરત તેઓએ પાછા બોલાવી સુચના કરી કે 'પહેલો લોચ પુણ્યદર્શન નો, પછી તારો...'

મને ખ્યાલ આવી ગયો કે *'ગુરુદેવશ્રી બધું જ સમજી ગયા છે...'*

આને કહેવાય સમાનતા !

હું પર્યાયમાં મોટો, ઘણું ભણતો–ભણાવતો, પૂ. ગુરુદેવશ્રીની કૃપા પણ ઘણી, શાસન માટે મારા ઉપર આશા પણ ઘણી...

બીજી બાજુ એ પર્યાયમાં નાના, ભણવાનું Zero કેમકે વૃદ્ધ હતા. (પુસ્તકો વાંચતા પણ સંસ્કૃતાદિ નહિ.) ગુરુદેવની એમના પર એટલી નજર ખરી કે **'આ સારા છે.'** પણ એ પરોપકાર માટે કામ આવે... એ તો બિલકુલ આશા નહિ.

છતાં પહેલો લોચ કોનો ? એમાં ગુરુદેવે ન્યાય તોલ્યો *'એ વૃદ્ધ છે, એમને શાતા મળે, એ માટે પ્રથમ એમનો લોચ ! ગુણહંસ યુવાન છે, એ સહન કરી શકશે, માટે એનો લોચ પછી...'*

● **પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિજી મ.** સાથે અમે ઈર્લાબ્રીજ ભેગા થયેલા... **પૂ. ગુરુદેવે** મને કંઈક કામ માટે સાહેબ પાસે મોકલ્યો, એ વખતે **પૂ.આ. કુલબોધિસૂરિજી સાહેબ** પાસે બેઠા હતા, મેં વિવેક ન રાખ્યો, મેં એમ જ મનમાં રાખ્યું કે 'હું તો **પૂ. ગુરુદેવશ્રી**ના કામ માટે આવ્યો છું, અને **પૂ. ગુરુદેવશ્રી** તો ઘણા મહાન છે, **પૂ. કુલબોધિ મ.** બેઠા હોય, તોય **પૂ. ગુરુદેવશ્રી**નું કામ પહેલું.'

એટલે હું તો સાહેબજી પાસે પહોંચી ગયો, રજા ન લીધી, કામ તો પતી ગયું... પણ બીજા દિવસે સાહેબજીએ ખૂબ જ પ્રેમથી સમજાવેલ કે 'ભગવાનના સમવસરણમાં બધા સમાન હોય, **પં. ચન્દ્રશેખરવિજયજી** ખૂબ મહાન છે, પણ એનો અર્થ એવો નથી કે **પં.કુલબોધિ વિ.**ની વાત વચ્ચેથી અટકાવી દઈને બીજી વાત કરવી...'

એમના શબ્દોમાં ક્યાંય કડવાશ, તીખાશ, ખટાશ, ખારાશનો એક અંશ પણ ન હતો, હતી માત્ર કરુણા ! મીઠાશ ! આ લખતી વખતે પણ એ મહાપુરુષની આ વિરાટ દૃષ્ટિ માટે હૃદય ભીનું બની ગયું છે. બાર વર્ષ પૂર્વેનો આ પ્રસંગ ! મારો પર્યાય માત્ર ૧૪ વર્ષનો, મારા હિત માટે તેઓશ્રીએ મને ખાનગીમાં આ હિતશિક્ષા આપેલી.

આનું નામ નાના–મોટા બધા જ સમાન !

આપણે નાના–મોટામાં સમાનતા રાખીએ, છતાં કોઈ પોતાની વધુ પડતી અપેક્ષા કે કષાયના કારણે આપણી સમાનદૃષ્ટિને સમજી ન શકે, તો એ એનો દોષ છે... એમાં પછી આપણે દોષપાત્ર ન બનીએ... પણ આપણે આપણી સમાનદૃષ્ટિમાં કમી ન આવવા દેવી...

**એક-બીજાનું હિત વિચારી, મીઠી વાણીને ઉચ્ચારી**
**રાખે (રાખી ?) સ્વધર્મ કેરું ભાન,**
**એ ઘર આવે છે ભગવાન,**
**એ ઘર તીરથધામ, વસતા જ્યાં ભગવાન... ।।૩।।**

## (૮) એક-બીજાના હિતનો વિચાર

પોતાનો સ્વાર્થ ગૌણ કરવો, બીજાનો વિચાર કરવો... કમસે કમ પરિવારના સભ્યો માટે તો આ ખાસ વિચારવું જ.

● મોટોભાઈ પરિવારવાળો ! નાનાભાઈના લગ્ન થયા પણ પરિવાર નહિ. મા–બાપ પરલોક ગયા. વ્યવસ્થા માટે બંનેનાં ઘર અને ખેતી પણ અલગ ! એકવાર મોટાભાઈને વિચાર આવ્યો કે 'મારે બધું સેટ છે, નાનાને છોકરાઓ થશે, ખર્ચો વધશે... એને જરૂર વધારે છે.' તો રાત્રે અંધારામાં અનાજના બાંધેલા પૂળાઓ ઉંચકી ઉંચકીને નાનાના પૂળાના ઢગલામાં નાંખી દીધા. એ જ રાત્રે નાનાને પણ વિચાર આવ્યો 'અમે તો હાલ બે જ છીએ, એટલે ખર્ચો ઓછો ! મોટાને ખર્ચો વધારે અને સમાજનો બધો વ્યવહાર પણ એ જ સંભાળે છે... એટલે એને જરૂર વધારે છે..' અને એ પણ રાત્રે અંધારામાં મોટાના પૂળાના ઢગલામાં પોતાનાં પૂળા નાંખી આવ્યો. સવારે બંને પોત–પોતાના ઢગલા સમાન જુએ છે, તો એમને આશ્ચર્ય થાય છે કે 'આવું કઈ રીતે બંને ?' બંનેને એકબીજાની વાતની ખબર નથી.

આવું બે–ત્રણ વાર બન્યું, પણ બંનેના ઢગલા ઓછા થતા જ નથી.

એક રાત્રે બંનેએ એક જ સમયે આ કામ ચાલુ કર્યું, તો સામ–સામે ભટકાણા, બંનેની ચોરી (?) પકડાઈ ગઈ, બંને હસી પડ્યા, બંને એ પૂળાને નીચે મૂકી એકબીજાને ભેટી પડ્યા, કશું બોલવાની જરૂર

જ ન પડી.

આને કહેવાય એક–બીજાના હિતનો વિચાર !

● **પૂ.આ. રત્નસુંદરસૂરિજી**ના પુસ્તકમાં વાંચેલો પ્રસંગ ! પિતાએ ત્રણ ભાઈઓ વચ્ચે સરખો હિસ્સો વહેંચ્યો. નાનાએ ના પાડી કે 'આ મને મંજુર નથી.' પિતા ટેન્શનમાં કે 'ભાઈઓ ઝઘડી પડશે...' બે મોટાઓ કહે 'પપ્પા ! ચિંતા ન કરો, નાનાને જે જોઈએ એ આપી દો, એમ પણ એ ધંધામાં નવો છે, એને કમાતા વાર લાગશે, અમે બંને સેટ છીએ, ઓછું મળશે તોય કોઈ ચિંતા નહિ, કમાઈ લેશું... આમ પણ ઘણું જ છે.'

પિતાને ડર હતો કે 'વહુએ નાનાને ચડાવ્યો હોય, અને એ વધારે માંગે.' પણ રાતની મીટીંગમાં વાત સાવ ઉંધી જ નીકળી, નાનો બોલે છે 'પપ્પા ! ધંધો આપે જમાવ્યો, એ પછી વારાફરતી બંને મોટા ભાઈઓએ વર્ષો સુધી મહેનત કરીને એને વધાર્યો છે, હું તો હમણા જ આવ્યો છું. મેં ધંધો વધાર્યો નથી, ધન કમાવ્યું નથી, તો મને એમના જેટલો જ સરખો હિસ્સો લેવાનો હક જ નથી. આ ત્રણ સરખા ભાગ ચાલે જ નહિ...

પપ્પા અને ભાઈઓ–ભાભીઓ બધા હર્ષથી આંસુ સારે છે, 'નાનો જબરો પાક્યો.' પણ પપ્પાને ડર એની પત્નીનો ! પપ્પાની નજર એની તરફ ગઈ. નાનો સમજી ગયો, તરત બોલ્યો 'પપ્પા ! એની સામે જોવાની જરૂર નથી. આ સદ્‌બુદ્ધિ એણે જ મને આપી છે, એણે જ મને ઠપકો આપ્યો કે તમને સરખો હિસ્સો લેતા શરમ નથી આવતી ? તમે કેટલું કમાયા કે આ રીતે લેવા તૈયાર થયા...' ત્યારે મેં આપને આ વાત જણાવી છે.

પારકા ઘરથી આવેલી વહુ સસરાને દીકરી કરતા ય વહાલી લાગી ત્યારે...

કેવો ઉદાર સ્વભાવ ! એકબીજાનું હિત વિચારી...

● ભીવંડીમાં સંજયભાઈ રહે છે. પ્રાયઃ અઢારેક વર્ષ પહેલા એમના સગાભાઈ લલિતભાઈ વકીલનું કસાઈઓએ જાહેરમાં ખૂન કર્યું. કેમકે એ કસાઈઓ પાસેથી છોડાવેલા પશુઓને બચાવવાનું કામ કોર્ટ થ્રુ કરતા હતા. પુણ્યવંતી બહેન વિધવા બન્યા. સંજયભાઈએ વિચાર્યુ કે ભાભીને બે સંતાનો છે, નવા લગ્નની તો વાત જ નથી, બીજી બાજુ ૩૩ વર્ષની નાની ઉંમરથી માંડીને આખી જીંદગી એમણે નીકાળવાની છે...

દિયરે અમુક નિર્ણયો તરત લઈ લીધા...

ઘરે ઘર દેરાસર બનાવ્યું, જેથી ભાભી રોજ એક–બે કલાક પ્રભુભક્તિ કરી શકે...

દિયરે પોતાની પત્ની સાથે બહાર ફરવા જાય પણ હવે ભાભીને અને એમના બંને દીકરાઓને સાથે લઈને જ જાય. (દેરાણી–જેઠાણી સગી બહેનો છે..) ભાભીને ક્યારેય પણ એકલવાયાપણું ન લાગે એ માટે આખો ને આખો પરિવાર સાથે જ ફરવા જાય...

આજે તો પુણ્યવંતીબહેનનો એક દીકરો C.A. બને છે, બીજો દીકરો વકીલ !

બીજાના હિતનો વિચાર...

● રાજકોટમાં એક બહેનને બે સંતાન ! ત્રીજી વાર પ્રેગ્નન્ટ ! એમને ખબર કે મારી નણંદને એક પણ સંતાન નથી, અને એમણે નિર્ણય લઈ લીધો, પોતાનું ત્રીજું બાળક એમણે સહર્ષ પોતાની નણંદને સોંપી દીધું...

જે પરિવારોના સભ્યો સ્વાર્થી બને છે, તેઓ પછી અંદરો અંદર નાની–મોટી વાતો માટે ઝઘડે છે. ધન, જમીન, ઘરેણા, ઘર... આ બધા માટે તો ઝઘડે, પણ ખાવું–પીવું–પહેરવું–ફરવું... આવી તુચ્છ વસ્તુઓ

માટે પણ ઝઘડે... શરમ આવે એવી રીતે ઝઘડે.

'મારા છોકરાઓને દૂધ ઓછું ને એમનાને વધારે...' વગેરે વગેરે, એ ઝઘડાઓના કારણો લખવાની પણ શરમ આવે અને કંટાળો આવે...

બસ, બધા ઉપરના ચાર દૃષ્ટાંતો ધ્યાનમાં લો, એ પોઝીટીવ વિચારોથી મનને પોઝીટીવ બનાવો, અને એક બીજાનું હિત વિચારો, સ્વાર્થ ગૌણ ! પરાર્થ મુખ્ય ! કમસે કમ પરિવાર માટે ખાસ.

## (૯) મીઠી વાણીનો ઉચ્ચાર

**શસ્ત્રો દ્વારા લોકોને તો જીતાય, પણ લોકોના હૃદયને ન જીતી શકાય.** બુદ્ધિ, રૂપ, એક્ટીંગ, સત્તા, સંપત્તિ દ્વારા લોકોની બુદ્ધિને તો જીતાય, પણ લોકોના હૃદયને ન જીતી શકાય. પણ હૃદયના સાચા પ્રેમપૂર્વકના મીઠા શબ્દોથી લોકોના હૃદય જીતી શકાય.

**● શક્તિમાનો લોક ઉપર રાજ કરે છે. ● બુદ્ધિમાનો, રૂપવાનો, કળાવાનો લોક બુદ્ધિ ઉપર રાજ કરે છે... ● *સાચા પ્રેમપૂર્વકની મીઠી ભાષાના વક્તાઓ લોકહૃદય ઉપર રાજ કરે છે.***

વર્તમાનના ૧૮ ગચ્છોના સ્થાપક ગચ્છાધિપતિઓ પાસે આ ગુણ હતો. પ્રેમ સાથેની મીઠી ભાષા ! (કપટવાળી કે મશ્કાબાજીવાળી મીઠી ભાષાની વાત નથી.) માટે જ તેઓ વિરાટ ગચ્છના મૂળ સ્થાપક બન્યા.

અહીં તો સંસારીઓના પરિવારની વાત છે. એમાં માતા–બહેન–પત્ની–દીકરી... આ બધા સ્ત્રી પાત્રો છે, અને નિયમ છે કે **'पाञ्चालः स्त्रीषु मार्दवम्'** સ્ત્રીઓ પ્રત્યે મૃદુતા=કોમળતા રાખવી. તો જ તેઓ સ્થિર પ્રસન્ન રહી શકે.

આ મૃદુતાના બે પ્રકાર (૧) હૃદયનો પ્રેમ, (૨) મીઠી ભાષા...

હૃદયનો પ્રેમ નિશ્ચય છે, મીઠી ભાષા વ્યવહાર છે. બેમાંથી એકની પણ કમી હોય તો કામ થતું નથી. સ્ત્રીઓ કંઈ એટલી બધી જ્ઞાની નથી કે હૃદયમાં રહેલા પ્રેમને મીઠી ભાષા વિના સમજી શકે. એમ સ્ત્રીઓ એટલી મૂર્ખ પણ નથી કે હૃદયના પ્રેમ વિનાની મીઠી ભાષાને મશ્કાબાજી રૂપે ન સમજી શકે... (અમુક સ્ત્રીઓની વાત અલગ છે...)

જો પરિવારમાં આવી મીઠી ભાષા નહિ વપરાય, તો તો આ સ્ત્રીઓ નહિ જ સચવાય, અને જે પરિવારમાં સ્ત્રીઓ અસ્થિર એ પરિવાર ખતમ !

આજે હજારો તલાક થાય છે એનું મુખ્ય કારણ પુરુષોની આ ગંભીર ભુલ ! તેઓ પત્ની સાથે કડકાઈથી કામ લે છે. હૃદયનો ગુસ્સો અને બહાર અપશબ્દો... પછી શું થાય ? બધુ પડી ભાંગે જે પીઠ ચાબુકનો માર માંડ સહી શકે, તે પીઠ પર તમે લાકડીના માર મારો તો છેવટે શું થાય ?

પત્નીની ભુલ દેખાય, મમ્મીની, બહેનની, કે દીકરીની ભુલ દેખાય ત્યારે એક જ કામ કરો..

● એ ભુલ વખતે તરત જ કંઈ ન કહેવું મૌન... ઉપેક્ષા.

● જ્યારે શાંતિથી સાથે બેસવાનું થાય, ત્યારે કહેવું, ત્યારે ત્રીજું કોઈ હાજર ન હોય એ ધ્યાન રાખવું. ઓપરેશન જાહેરમાં ન થાય.

● પહેલા સાચી અનુમોદના પછી એ ભુલ બતાવવી, એ ભુલથી શું શું નુકસાન થઈ શકે? એ બતાવવું અને એ પછી એ ભુલ સુધારવા પ્રેરણા કરવી, ભુલ સુધારવાથી થનારા ફાયદા બતાવવા, ભુલ સુધારવી સરળ છે, એ પણ બતાવવું...

● ધારો કે તમારી આટલી મહેનત છતાં પણ કોઈ સુધારો ન દેખાય, તોય ગુસ્સો નહિ, અપશબ્દો નહિ, બસ ! માત્ર પ્રસન્નતા !

કરુણા ! ઉપેક્ષા ! Try for the Best, Be ready for the worst.

દ્રૌપદીની તીખી વાણીના નુકસાન આખી દુનિયા જાણે જ છે.

આપણા શાસ્ત્રો કહે છે કે ભાષા (૧) પ્રિય, (૨) તથ્ય=સાચી, (૩) હિત=પથ્ય=હિતકારી હોવી જોઈએ.

● તમે કોઈ મુવીની, હોટલની ખૂબ પ્રશંસા કરો, તો તમારી ભાષા સાચી તો છે, શ્રોતાને પ્રિય પણ છે, પરંતુ હિતકારી નથી. કેમકે શ્રોતા આ પ્રશંસા સાંભળીને મુવી જોશે, હોટલમાં જશે... તો અહિત પામશે.

● 'તું સાવ આળસુ છે, કામ કર, કામ ! નહિ તો ભેંસ બનીશ આવતા ભવે !' આ શબ્દો સાચા છે, સામે વાળો કામ કરે, તો હિત પામે જ. માટે હિતકારી પણ છે... પણ એમાં જે ગુસ્સો + અપશબ્દો ભળેલા છે એના કારણે એ ભાષા શ્રોતાને અપ્રિય બને છે... અને એટલે જ હકીકતમાં એનું હિત નથી થતું...

બસ, આ જ કારણસર દૃઢ નિર્ણય કરવો કે 'મારે સાચા પ્રેમસાથેની મીઠી જ ભાષા બોલવી છે. એ માટે પૂર્વે બતાવેલા ચારેય ઉપાયો બરાબર અજમાવવા છે.

## (૧૦) સ્વધર્મનું ભાન

અત્યંત જરૂરી છે આ ૧૦મી બાબત ! દરેકને એ ભાન હોવું જોઈએ કે 'મારું કર્તવ્ય શું છે ?' 'તે તે વ્યક્તિ પ્રત્યે તમારું કર્તવ્ય શું ?' એ જ તે તે વ્યક્તિ પ્રત્યેનો તમારો **સ્વધર્મ !**

● પુત્રવધુનું સાસુ-સસરા પ્રત્યે કર્તવ્ય એ છે કે 'એમની સેવા કરવી, ત્રણ ટાઈમ એમને ભોજન પહોંચાડવું, એમની વાતો માનવી,

એમની રજા લઈને જ કોઈપણ કામ કરવું, એમને સગા મા–બાપ માનવા, એમની સામે ગમેતેમ વાત ન કરવી...'

● સાસુ–સસરાનું પુત્રવધુ પ્રત્યે કર્તવ્ય એ છે કે 'એને પોતાની દીરકી માનવી, એની ઈચ્છાઓ જાણીને એ પ્રમાણે અનુકૂળ થઈને રહેવું, એના માતા–પિતા માટે ક્યારેય નેગેટીવ ન બોલવું, એના સારા કાર્યોની અનુમોદના કરવી, એની ભુલ થાય તો પણ ખાનગીમાં પ્રેમથી એને સમજાવવું, એને પિયર જવા દેવાની અનુકૂળતા કરી આપવી... (કોઈપણ વહુને પિયર ઘણું પ્યારું હોય.)

● સંતાનોનું માતા–પિતા પ્રત્યેનું કર્તવ્ય એ છે કે 'વાત માનવી, રોજ પગે પડી આશિષ લેવા, એમની ભુલ થાય (ઉંમરાદિના કારણે) તો અપમાન ન કરવું, પત્નીની સામે એમને ઠપકો ક્યારેય ન આપવો... જે કંઈપણ કહેવું હોય તે ખાનગીમાં કહેવું...'

● પતિનું પત્ની પ્રત્યેનું કર્તવ્ય એ છે કે 'એની ઉચિત ઈચ્છાઓ પૂરી કરવી, અનુચિત ઈચ્છાઓ માટે એને સમજાવવી, એની ભુલો માટે ગુસ્સો નહિ, પણ સમજાવટથી કામ લેવું, એનો સ્વભાવ સહન કરવાની તૈયારી રાખવી, એ માત્ર સુખનું સાધન નથી, પરંતુ સન્માનને યોગ્ય પાત્ર છે... એ બધું ધ્યાનમાં લેવું, એની કેરેક્ટર સંબંધી ભુલો થાય જ નહિ એવો પ્રેમ આપવો અને એવી સુરક્ષા આપવી... આમ છતાં ભુલ થાય તોય ધિક્કારવાને બદલે સમજણપૂર્વક એને એ પાપમાંથી પાછી વાળવી...'

● પત્નીનું પતિ પ્રત્યે કર્તવ્ય એ છે કે 'ગમે તેવા પ્રલોભનો આવે તોય વફાદારીમાં ક્યારેય કમી ન આવવા દેવી. પતિની ઈચ્છા પ્રમાણે વર્તવું. પતિને ધર્મરસ્તે જોડવો...

આ રીતે દરેકે પોત–પોતાનો સ્વધર્મ બજાવવો જોઈએ...

**માત-પિતાના એ સંસ્કારો, ઉતરે બાળકમાં આચારો,**
**વિકસે કુટુંબનું ઉદ્યાન, એ ઘર આવે છે ભગવાન,**
**એ ઘર તીરથધામ, વસતા જ્યાં ભગવાન... ॥૪॥**

## (૧૧) માતા-પિતાનું સંસ્કરણ : બાળકોનું આચરણ :

એક શ્લોક છે **'यः स्वीयाचारेणैव शिष्यानध्यापति मन्तव्यः स गुरु श्रेष्ठः, वाचः कर्मातिरिच्यते...'** જે ગુરુ પોતાના આચારો વડે જ શિષ્યોને ભણાવે, તે ગુરુ શ્રેષ્ઠ માનવા, વાણી કરતા કર્મ = પ્રવૃત્તિ = આચાર મહત્ત્વના છે.

આ જ વાત માતા–પિતાને લાગે છે. માતા–પિતા–સંતાનોને ગમે એટલો ઉપદેશ આપે એનાથી એમનામાં બદલાવ નહિ આવે, પણ માતા–પિતા પોતે જ આચારોનું પાલન કરશે, તો બાળકોમાં આપમેળે બધા જ આચારો આવી જશે.

માતા–પિતા બાળકોને સંસ્કાર આપે એનો અર્થ જ એ કે માતા–પિતા સ્વયં સદાચારોનું પાલન કરે, બાળકો એ જુએ, એટલે એમનામાં સંસ્કારો ઉતરે.

ખેડુત પિતા ઘરે આવ્યા, પત્ની સાથે અડપલું કર્યુ, પત્નીની નજર પોતાના બાળક પર ગઈ, બાળકની નજર મા–બાપ તરફ હતી, મા (પત્ની) સહન ન કરી શકી. 'મારો દીકરો વ્યભિચારી પાકશે...' એ વિચારમાત્રથી મા હેરાન થઈ ગઈ અને સવારે તો જીભ કચડી નાંખીને મા મરી ગઈ. માના આ બ્રહ્મચર્યના આચારોના કારણે દીકરો બ્રહ્મચર્યમાં એવો મજબુત બન્યો કે જ્યારે અંગ્રેજ મેડમના પેટમાં અતિશય પીડા ઉપડી, કોઈ દવા કામ ન આવી, ત્યારે એ ચાંપરાજ નામના દીકરાએ (ત્યારે યુવાને) પોતાના પરસેવાથી મિક્ષ પાણી પીવડાવ્યું, અને મેડમની પીડા મટી ગઈ.

મા–બાપ જો દાદા–દાદીની સેવા કરે, તો સંતાનો પણ એ જોઈને મા–બાપના સેવક બને, મા–બાપ જો પરસ્પર ઝઘડા ન કરે, અપશબ્દો ન બોલે, તો સંતાનો પણ એવા જ પ્રેમાળ બને. મા–બાપ જો મહેનતું બને, તો સંતાનો પણ મહેનતું બને... મા–બાપ જો ધંધા વગેરેમાં નીતિમાન બને તો સંતાનો પણ નીતિમાન બને...

મા–બાપોએ બાળકોમાં પોતાના જ આચારો દ્વારા સંસ્કારોનું સિંચન કર્યુ. એટલે એ બાળકોનો વિકાસ થવાનો જ. મા–બાપ તો વિકસિત હતા જ, હવે બાળકો પણ વિકાસ પામ્યા, આમ આખું કુટુંબ રૂપી ઉદ્યાન=ગાર્ડન વિકસિત બનશે.

મા–બાપોએ જે સંસ્કરણ કરવાનું છે તે આ પ્રમાણે...

● સંતાનોની હાજરીમાં પરસ્પર ખરાબ ચેષ્ટાઓ કરવી નહિ.

● ઘરમાં ગંદા ફોટાઓવાળી નોવેલો, મેગેઝીનો રાખવા નહિ.

● ઘરમાં ગંદી કેસેટો, C.D.... વગેરે કંઈ જ ન હોવું જોઈએ.

● સંતાનોને સાધુ–સાધ્વીઓની શિબિરોમાં વર્ષે એકવાર અવશ્ય મોકલવા.

● સ્કુલ–કોલેજમાં ભણાવવા જ પડે, તો એમના મિત્ર વર્ગને Check કરી લેવો, ખરાબ મિત્રોથી ખૂબ જ બચવવા. ન જ ભણાવો, ઘરથી જ ભણાવો તો તો The Best.

● એમની સામે પરસ્પર કોઈ ઝઘડો નહિ, કોઈ અપશબ્દો નહિ...

● સારા પુસ્તકો વંચાવવા...

● એમને સમય આપવો, સાથે બેસીને વાતો કરવી...

**એની સુવાસ તો વિશ્વે વ્યાપે, દેવો આવી થાણું સ્થાપે,**
**ગોવિંદ એ ઘર સ્વર્ગસમાન, એ ઘર આવે છે ભગવાન,**
**જે ઘર મહેકે પુષ્પ સમાન, એ ઘર આવે છે ભગવાન,**
**એ ઘર તીરથધામ, વસતા જ્યાં ભગવાન... ।।૫।।**

કવિ ગોવિંદ કહે છે કે જે ઘરમાં આ ૧૧ વસ્તુ હોય એ ઘર તો પુષ્પ છે, એની સુગંધ આખા વિશ્વમાં ફેલાય છે. અરે ! દેવો એ ઘરમાં આવીને પોતાનું કાયમી સ્થાન સ્થાપિત કરી દે છે... હવે જ્યાં દેવ રહે, એ ઘર તો સ્વર્ગ જ બની જાય ને !

## ઉપસંહાર

જ્યાં આ ૧૧ વસ્તુની કમી છે, એ ઘર નરક છે, એ ઘર ગટર છે... ભગવાન નરકમાં કે ગટરમાં ન રહે, ભગવાન રહે છે માત્રને માત્ર મોક્ષમાં ! અને આવા સ્વર્ગ સમાન ઘરમાં ! (જૈનેતરોના મતે ભગવાન સ્વર્ગના સ્વામી છે ને...)

વિસ્તાર કર્યો નથી, ટૂંકમાં લખેલું છે, તે ઘણું કરીને વાંચજો, વિચારશો. તમારા ઘરને સ્વર્ગ બનાવજો, મંદિર બનાવજો... ભાવ ભગવાન તમારા ઘરે આવશે જ આવશે. I Promise You...

**अर्हं नमः**